# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

1) ભારત-AI ઇમ્પેક્ટ સંમેલનનો આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આરંભ – 20 દેશના વડા ભાગ લેશે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં ઇન્ડિયા AI ઇમ્પેક્ટ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે

3) પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આ વર્ષનું કેન્દ્રીય અંદાજપત્ર ભારતની વિકસિત રાષ્ટ્ર બનવાની આકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે

4) ગુજરાત વિધાનસભા અંદાજપત્ર સત્રનો આજથી આરંભ

5) ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં ગેરરીતિઓના આરોપો બદલ સાત સહાયક ચૂંટણી નોંધણી અધિકારીઓ સામે શિસ્તભંગના પગલાં લેવા આદેશ આપ્યો

6) ICC T20 ક્રિકેટ વિશ્વકપમાં ભારતે પાકિસ્તાનને 61 રનથી હરાવ્યું – ભારતનો સુપર આઠ તબક્કામાં પ્રવેશ.

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INDIA - AI IMPACT SUMMIT

ભારત-AI ઇમ્પેક્ટ સંમેલન આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે. આ પાંચ દિવસીય પરિષદ વિકાસશીલ દેશમાં યોજાનારી પ્રથમ વૈશ્વિક AI સંમેલન છે.

સાંભળીએ એક અહેવાલ

## VC અમન યાદવ

વીસ દેશોના નેતાઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે. જેમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા, સ્પેનિશ રાષ્ટ્રપતિ પેડ્રો સાંચેઝ પેરેઝ-કાસ્ટેજોન, સ્વિસ રાષ્ટ્રપતિ ગાય પરમેલિન, નેધરલેન્ડના પ્રધાનમંત્રી ડિક સ્કૂફ, UAEના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન, મોરિશિયન પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામ, શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરકુમાર દિસાનાયકે, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ સેબેસ્ટિયન પિલ્લે અને ભૂટાનના પ્રધાનમંત્રી ત્શેરિંગ ટોબગેનો સમાવેશ થાય છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે બોલિવિયા, ક્રોએશિયા, એસ્ટોનિયા, ફિનલેન્ડ, ગ્રીસ, ગુયાના, કઝાકિસ્તાન, લિક્ટેંસ્ટાઇન, સર્બિયા અને સ્લોવાકિયાના નેતાઓ પણ ભાગ લેશે. સમિટમાં 45 થી વધુ દેશોના મંત્રી સ્તરીય પ્રતિનિધિમંડળો હાજરી આપશે. સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ સહિત અનેક આંતરરાષ્ટ્રીય સંગઠનોના વરિષ્ઠ અધિકારીઓ પણ ચર્ચામાં ભાગ લેશે.

# PM-INDIA AI EXPO 2026

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા AI ઇમ્પેક્ટ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે. પાંચ દિવસીય આ પ્રદર્શન ઇન્ડિયા AI ઇમ્પેક્ટ શિખર સંમેલન સાથે યોજાઈ રહ્યું છે. જેમાં ઓસ્ટ્રેલિયા, જાપાન, રશિયા, યુકે, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, નેધરલેન્ડ, સ્વિટ્ઝર્લૅન્ડ, સર્બિયા, એસ્ટોનિયા, તાજિકિસ્તાન અને આફ્રિકા સહિત 13 દેશોના પેવેલિયન હશે.

પ્રદર્શનમાં વિવિધ ક્ષેત્રોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના પરિવર્તનશીલ પ્રભાવને પ્રકાશિત કરતા 500થી વધુ સત્રોમાં ભવિષ્યની ચર્ચા કરવામાં આવશે. ઇન્ડિયા AI ઇમ્પેક્ટ પ્રદર્શનમાં આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ સહિત અઢી લાખથી વધુ મુલાકાતીઓ આવવાની અપેક્ષા છે.

# PM INTERVIEW-PTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે ભારતે હંમેશા તૈયાર રહેવું પડશે. એક સમાચાર સંસ્થા સાથેની મુલાકાતમાં પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું કે આ વર્ષનું કેન્દ્રીય અંદાજપત્ર ભારતની વિકસિત રાષ્ટ્ર બનવાની આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે.

ઓપરેશન સિંદૂર દરમિયાન સંરક્ષણ સુધારાના દાયકાના ફાયદા સ્પષ્ટપણે દેખાયા હતા. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે વિશ્વમાં વધુને વધુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા દેશ તરીકે ભારતની ફરજ વર્તમાન પરિસ્થિતિઓને અનુરૂપ તેના સંરક્ષણ ક્ષેત્રને આધુનિક બનાવવાની છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગામી દાયકા માટે ત્રણ પ્રાથમિકતાઓ વધુ માળખાકીય સુધારા, નવીનતાને પ્રોત્સાહન આપવું અને સરળ વહીવટ વ્યવસ્થાનો ઉલ્લેખ કર્યો. એક મુલાકાતમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે તેમની સરકારનો "સુધારા અક્સપ્રેસ" થી સામાન્ય નાગરિકોને વ્યાપક લાભ મળી રહ્યો છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે મહિલાઓ વિકસિત ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, અને સરકારના પ્રયાસો તેમને સશક્ત બનાવશે.

ભારતના વેપાર કરારો અંગે શ્રી મોદીએ જણાવ્યું હતું કે રાજકીય સ્થિરતા અને રાજકીય આગાહીએ ભારતમાં રોકાણકારોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે મજબૂત ઉત્પાદન, સેવા ક્ષેત્રો અને નાના અને મધ્યમ ઉદ્યોગોએ ભારતને મજબૂત સ્થિતિમાંથી વેપાર કરારોમાં પ્રવેશવા સક્ષમ બનાવ્યું છે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારતે કાપડ, ચામડું, રસાયણો, હસ્તકલા, રત્નો અને અન્ય ક્ષેત્રોમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો માટે બજાર ઍક્સેસને વિસ્તૃત કરવાના હેતુથી મુક્ત વેપાર કરારોમાં પ્રવેશ કર્યો છે.

## SHAH - RAISING DAY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દિલ્હી પોલીસના સ્થાપના દિવસની દિલ્હી પોલીસના કર્મચારીઓ અધિકારીઓ અને તેમના પરિવારજનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે અતૂટ સમર્પણ સાથે કર્મચારીઓએ લોકોની સેવા અને સુરક્ષામાં અનુકરણીય ધોરણો સ્થાપિત કર્યા છે.

ગૃહમંત્રીએ ફરજ બજાવતા સર્વોચ્ચ બલિદાન આપનારા શહીદોને પણ શ્રદ્ધાંજલિ આપી હતી.

# GUJ BUDGET SESSION

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આજે ગાંધીનગરમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના ઔપચારિક સંબોધન સાથે શરૂ થશે. નાણામંત્રી કનુભાઈ દેસાઈ 18 ફેબ્રુઆરીએ 2026-27 માટે રાજ્યનું બજેટ રજૂ કરશે. 25 માર્ચ સુધી ચાલનારા આ સત્ર દરમિયાન વિધાનસભાના નવા ઉપાધ્યક્ષની પણ પસંદગી કરવામાં આવશે. રાજ્યના આતંકવાદ વિરોધી કાયદામાં સુધારા સહિત અનેક મહત્વપૂર્ણ વિધેયકો સત્ર દરમિયાન રજૂ કરવામાં આવશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ

**VC: મયુર સોલંકી**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# WB- EC DISCIPLINARY ACTION

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં ગેરરીતિઓના આરોપો બદલ સાત સહાયક ચૂંટણી નોંધણી અધિકારીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાનો આદેશ આપ્યો છે. આ અધિકારીઓમાં કેનિંગ પૂર્વાના બે અને સુતી, મૈનાગુરી, શમશેરગંજ, દેબરા અને ફરક્કા મતવિસ્તારના એક-એક અધિકારીઓનો સમાવેશ થાય છે. રાજ્યના મુખ્ય સચિવ નંદિની ચક્રવર્તીને લખેલા પત્રમાં પંચે આ સાત અધિકારીઓ સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

પત્રમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે SIR પ્રક્રિયામાં સામેલ આ અધિકારીઓ દ્વારા ગંભીર ગેરવર્તણૂક, ફરજમાં બેદરકારી અને વૈધાનિક સત્તાના દુરુપયોગના પુરાવા મળ્યા છે.

દરમિયાન સર્વોચ્ચ અદાલતના 9 ફેબ્રુઆરીના નિર્દેશનું પાલન કરીને ચૂંટણી પંચે SIR પ્રક્રિયા સંબંધિત તમામ વાંધાઓના નિકાલ અંગે કડક સંદેશ જારી કર્યો છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને લખેલા એક અલગ પત્રમાં જણાવ્યું હતું કે રજૂ કરાયેલા તમામ ફોર્મ-7 તાત્કાલિક સંબંધિત ERO અને AERO ને મોકલવા જોઈએ. દરેક વાંધાને કાયદા અનુસાર કડક રીતે સમાધાન કરવું જોઈએ.

# CRICKET - T20 WORLD CUP

ભારતે પાકિસ્તાનને 61 રનથી હરાવીને ICC T20 ક્રિકેટ વિશ્વકપના સુપર આઠ તબક્કામાં સ્થાન મેળવ્યું છે. ગઈકાલે કોલંબોમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે

નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 175 રન બનાવ્યા હતા. ઈશાન કિશનએ 77 અને સૂર્યકુમાર યાદવે 32 રન બનાવ્યા.

176 રનના લક્ષ્યાંકના જવાબમાં પાકિસ્તાન 18 ઓવરમાં 114 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ઉસ્માન ખાને 44 રન બનાવ્યા. જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી અને હાર્દિક પંડ્યાએ બે-બે વિકેટ, જ્યારે કુલદીપ યાદવ અને તિલક વર્માએ એક-એક વિકેટ લીધી.

દરમ્યાન સ્પર્ધામાં આજે દિલ્હીમાં પ્રથમ મેચ અફઘાનિસ્તાન અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે સવારે અગિયાર વાગ્યે રમાશે. કોલકાતામાં બીજી મેચમાં ઇંગ્લેન્ડ બપોરે ત્રણ વાગ્યે ઇટાલીનો સામનો કરશે. ઓસ્ટ્રેલિયા શ્રીલંકાના પલ્લેકેલે ખાતે સાંજે સાત વાગ્યે ટકરાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિતલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ, ભારતની પાકિસ્તાન સામેની જીતના સમાચાર તસવીર સાથે તેમજ દિલ્હીમાં યોજાનાર સૌથી મોટી AI સમિટના સમાચાર પ્રથમ પાને છાપ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે, શિવરાત્રીએ ટીમ ઇન્ડિયાનું તાંડવ :પાકિસ્તાન પરાસ્ત
- સંદેશ લખે છે, મહાશિવરાત્રીએ ભારતનું પાક સામે તાંડવ
- નવગુજરાત સમય લખે છે, દિલ્લીમાં આજથી ઈન્ડિયા AI સમિટનો પ્રારંભ
- ગુજરાત સમાચારે લખ્યું છે, દિલ્લીમાં આજથી વિશ્વની સૌથી મોટી AI સમિટ: 600 સ્ટાર્ટ અપ જોડાયા...
- આ ઉપરાંત, સ્થાનિક સમાચારોમાં આજથી શરૂ થતાં વિધાનસભા સત્ર તેમજ તાપમાનના વધારાના સમાચાર પણ વાંચવા મળી રહ્યા છે.